૩૨૯૫

श्री

# अंबीका स्तुति.

પદ્યાત્મક

છપાવી પ્રગટ કરનાર

ઠકર નારણદાસ રણછોડદાસ

સાયતા.

ધોલેરા બંદર



અમદાવાદ

કાગદીઓળની સામે 'અમદાવાદ ટાઈમ્સ' પ્રેસમાં

શા. કાળીદાસ સાંકળચંદે છાપ્યું.

સને ૧૮૮૭ સંવત ૧૯૪૩

કીંમત રૂ૦—૨—૦

ગ્રંથ સ્વામીત્વના સર્વ હક સ્વાધીન રાખ્યાછે.

# અર્પણ પત્રીકા.

પરમ સ્નેહિ પ્યારા–

**રા. રા. ઠકર પીતાંબરદાસ વી. છગનલાલ**

વાઘાણી.

**મુ૦ ધોલેરા બંદર**

આપ સ્વદેશાભીમાની પુરૂપનો ઈશ્વર ભકતી પ્રત્યે અતિદ્રઢતા સ્વદેશના શુભ તરફ અતિ પ્રેમ તથા સુધારાના કામમાં હર વખત મદદ કરવા વારંવાર મહેનત લ્યો છો અને વળી આ ગ્રંથ રચવામાં તન મનથી મને પુરતી મદદ આપી અતિશે આશ્રમ લીધો છે તો એક અલ્પ યાદગારીને માટે આ લઘુ ગ્રંથ હું આપને ઘણીજ નમ્રતા પુર્વક અર્પણ કરૂ છું તે કૃપા કરશોજી.

લી૦ શેવક

**ઠકર. નારાયણ રણછોડદાસ**

સાયતા.

# શ્રી

## મહારાજાધીરાજ શ્રી જશવંતશીંહજી

### સાહેબ બાહાદુર.

### મુ○ દાં ॥

આપ આવા કામમાં હર વખત મદદ આપ્યો છે ને આ કામમાં પણ મને નકલોનોં પુરતી મદદ આપો છે માટે હું ઘણોજ આપનો આભાર માનું છું તે માન્ય કરશો.

તા. સને ૧૮૮૭

લી○ શેવક.

**લી○ ઠકર. નરણદાસ રણછોડદાસ**

( સાયતા )

## જાહેર ખબર.

અમારા જે ઘરાકોનું હજુ સુધી લવાજમ આવી નથી તેઓએ દીવસ પંદરની અંદર મોકલી દેવું, નહીતો પાછળથીજ ભાવ બે આના લેવામાં આવશે. દેશાવશરવાળાને ટપાલનો હડધો આનો વધુ મોકલવો :લવાજમ ભાવનગર મોકલવી એજ. તા.

ઠેકાણુ સુંદરને પાટીએ. એ રીતે કરવું.

૩૨૬૫

# अंबीका स्तुति.

## શ્રી ગણપતિની સ્તુતિ.

### દોહરો.

પ્રથમ ગણપતિ જે ભજે, સદાય સુખીયો હોય;
દુઃખ ટટે દારીદ્ર હરે, વેરી નડે ન કોય.
ગણપતિ તુજ દરશન થકી, પાપ જાય તતકાળ;
આશા પુરો અમતણી, ને કરો મુજ સંભાળ.
ગણપતી તુજ સેવા કરૂં, પ્રીતે રાખી પ્યાર;
મેહેર કરી તુ મુજ તણો, થજે વીઘન હરનાર;
માગુ છું તુજ પાસ હું, હે દુંદાળા દેવ;
પુરો કરૂં હું ગ્રંથ આ, માગે પ્રેર તતખેવ.
તુજ શરણે છું દેવહું. રાખો મારી લાજ;
નારણ કહે છે વિનવી. કરો કૃપા મહારાજ.

## સારદાજી સ્તુતિ

### મનહર છંદ

માત સારદાજી હું તો, ચરણુ તમારે રહી;
વંદન કરૂં છું તને, વાર વાર પ્રીતથી.

તુજ કૃપા થકી એક કામ મેં આરંભીયું છે;
વિઘન ન નડે એવું, ચાહું છું હું ચિતથી.
જેમ એક ઈમારત ઉભી હોય મોટી બધી;
આધાર રહયોછે, તેને ભલા એક ભિતથી.
તેમ તુજ આધાર હું, ધારી બેઠા સારદાજી;
કહે છે નારણ કરવાર સારી રીતથી.

## રાગ સિતાજીના મહિનાનો.

જોયું ધામ મેં અંબાનું જેહ, વર્ણન કરૂં તેહનું;
તેના દરશાન કરવાથી જાય, પાપ સર્વ દેહનું;
દેવી દેવળ માંહી બીરાજી, રહયાં સારી રીતથી;
ભજી ભાવે ઘણા ભગત જન, વંદન કરે પ્રીતથી.
એનું દેવલ શોભે સારૂં, આરસ પાહાણનું;
હીરા મોતી હાંડીનો ન પાર, જાણે તેજ ભાણનું;
તેના ન્હાર ચતુરની માંહ્ય, બેઠી માત અંબીકા;
કરે ખંમા ખંમા ભગત જંન, કરો મહેર ચંડીકા.
સિંહાસન ઉપર બેઠી માત, અતિશે એ ઉમેદથી;
રૂપ શું કહું તેનું હું આજ, કળ્યામાં આવે નહિ;
દીસે વંદન ઘણું અતિ ચાંદ, કે તેતો સોહામણું;
દેખી લેછે વારે વારે દાસ, પ્રીતેથીતો નારણુ.

માથે છત્ર ધરયુંછે સોનાનું, હીરાથી ઝળકતું;
બાંધ્યા મોતી ચારે કોર, લોલમ લળકતું;
શોભે મુગટ હીરા હાર, અતિશે ઝળકતા;
મોતી તોરા જગ મગે સાર, તેતો બે લળકતાં.
વેણુ માથાની વાસુકી નાગ, શોભે અતિ છાજતી;
બાંધ્યા ગોફણ ઘુઘરી સાર, ઘણું મન ગમતી;
સેંથે સિંદુર પુર્યો છે સાર, ઘણેરો તે શોભતી;
કુમકુમની કીધી કપાળ, આડયો મન આપતી.
બાજુબંધ હીરાના જડીત્ર, તેતો ઝળકારશું;
વળી પાવડીયો છે વિચીત્ર, અતિ લળકારશું;
ચોખા ચોટીયા આડયોની સાથ, ભણીશું રે પ્રેમની;
કીધાં અંજન દીસેછે આડ, તેતો નેન માહેરના.
માની નાસીકા દીસેછે આજ, દીપક તણા તુલ્યની;
પેહેરી વાળી ને સાટી સાર, ઘણેરી મુલ્યની.
લીલું તાજતું હડપચી ગાલે, ઘણું છેરે માનમાં.
બંને હોઠ છે રાતા રાણ; પરવાળાં સમાનના.
પાન બીડા કસ્તુરીની સાથ, બરાસે અતિ ભર્યાં;
હાસ્ય વદન મધુર કરી હાથ, તે બોલ મુખે ધર્યાં,
ઝળકે ઝાલ્યો અને વળી કુંડળ, કાને અતિ જડયાં;
જાણે ચંદ્ર સુર્યના સમાન, શ્રવણે બેઉ અડયાં.
કંઠે કાંઠલી જડીત્ર હાર, મોતીનેરે હેમશું;
તુસી ઝુલતો બાંધી છે કોટ, અતિશય પ્રેમશું;

પેર્યા સાતતો ચંદનહાર, અતિશે ઢળકતો;
હોરે મોતી જડેલો છે હાર, લોલમથી લળકતો.
બાંહે ગ્રહ્યા છે બાજુબંધ, બેરખાંનેરે ઘુઘરી;
વાંક સોના તણાછે હાથ, પેહેર્યાં મનમાં ધરી;
હાથે ચુડલો જડીત્ર સાથ, ઝગમગ ઝળકતો;
હીરા ચુનીયો જડીત્ર અપાર, મોતીથી ઢળકતો.
પહેર્યાં પોંચીને સાંકળા હાથ, દીસે માને શોભતી
અને દસે આંગળીએ વેઢ, વીંટી બહુ ઓપતી;
કેડે પાટીને ઘુઘરી સાથ, કંદોરો ધરાવતી;
પેહેરયાં કલ્લાં ને કાંબી પાય, ઘુઘરીઓ ગાજતી.
વાગે અણુવટ વીંછુવા, તોડા ઝમક ઝમકશું;
મદ ભરી ચાલે છે તે માય, ઠમક ઠમકશું;
પેહેરી સાડી ભાવી છે કોર, તેતોરે અમુલ્યની;
ધરી કંચુકી કનકની હાથ, રતનના તુલ્યની.
એવી અંબીકા ઉભીછે ત્યાંય, અતિશે આનંદમાં;
એનો ઓચ્છવ ઘેર ઘેર થાય, વળી નવે ખંડમાં;
કહે નારાણ આ વર્ણન ગાશે, જે પ્રીતે કરી;
તેને કરશે કૃપા મારી માંય, એવી એ મા પુરેસ્વરી.

## રાગ ઈંદ્ર સભાનો

(રાજા હુંમે કોમકા ઓર ઈદર મેરા નામ)

અંબા રમવા નિસર્યા, અને સાથે બેનો ચાર.

ઉદો ઉદો મુખથી વદે, નો ચાલે હારો હાર.
નવરાત્રમાં અલબેલી, આવી અંબાજી માત;
સાથે બહુચર બેનડીને, વળી કાળકા સાથ.
સરખે સરખી શકતીઓ, સઉ આવી ચાંચર માંહ્ય;
સાથે ચોસઠ જોગણીઓ, છે એવી એ મમમાય,
બ્રહમા સાથે આવીયા, અને ઉમીયા શીવજી પાસ.
હરી લક્ષમી છે હાથમાં, ને કરે વેદ મુખ વાસ.
રૂષીઓ સહુ છે રંગમાં, થંભ્યા શશી સુર્ય આકાસ;
ઈંદ્ર ઈંદ્રાણી ઉમંગમાં ને, થયો અતિ પ્રકાશ.
ભોમાંથી નાગણીઓ આવી વળી આભના જન;
પર્વત અષ્ટ બોલાવીયાં, ત્યાં થાય જોવાનું મંન.
નવરાત્રાના દીનમાં મા નીસર્યા ઘેર ઘેર,
દરસન કીધા આનંદે જે, થઈ ગઈ લીલા લેહેર;
મંગળ મંદિર થાય છે, અને જહાં રંગ અપાર;
સેવક નારણને માજી છે, પુરો તુજ આધાર.

## રાગ પદ.

(વીનતી ધરજો ધ્યાન, જન સહુ વીનતી ધરજો ધ્યાન).
કરો કૃપા આ વાર, અંબીકા, કરો કૃપા આ વાર;
ત્રણ લોક તુજને આરાધે, જગતની તું દાતાર. અંબીકા.
ચાર ભુજ ચાર છત્ર બીરાજે, કરણ કુંડળ અતી સાર. અં

વીઘન ટળે તુજ નામજ લેતાં, તારો સદા છે આધાર. અં૦
સર્વ દેવજની રક્ષા કરીને, દૈતોનો કર્યો સંહાર. અં૦
તુજ તણું નામ કદાપી ન વીસરૂ, તું મુજ તારણહાર. અં૦
આરાસુરપર આવી વશી તું, જુગતંબે જુગદાધાર. અં૦
ચરચાર ઘડીયે વાગે ચોઘડીયાં, અંબા તુજ દરબાર. અં૦
બીજા વાજાં વાગે ઘણેરાં, ગણતાં ન આવે પાર. અં૦
અખંડ દીવા બળે છે ઘીના, દેવળ માંહી અપાર. અં૦
સુંદર દેવી તુજ ખરી છે, સહુને સુખ દેનાર. અં૦
સર્વ તણી સુખ દાતા અંબા, વળી છે સરજનહાર. અં૦
ત્રણ સ્વરૂપ તું નિત્ય ધરે છે, રૂપ તણો નહીં પાર. અં૦
મુખનું તેજ સૂર્યના જેવું, ઝળકે છે બીંબાકાર. અં૦
હાથ ત્રીશુળ લઇ તું તો થઇ છે, વાઘ તણી અસ્વાર. અં૦
દૂર દેશાથી દરસન કરવા, આવે છે લોક અપાર. અં૦
હોમ હવન ત્યાં કરે છે સહુ જંન, હરખેછે વારમવાર. અં૦
ભાવ ધરી જેણે અંબાનું, દરશન કર્યું હશે એક વાર. અં૦
પૂર્વ જનમના પાપ નિવારી, તરી જશે સંસાર. અં૦
કરજોડીને નારણ કહે છે, અંબા ભજો નર નાર. અં૦

## રાગ.

(મારારે સ્વામી બોલોને વાલા)

અંબીકા મેહેર કરો માજી,
થાઉ તારા દરશનથી રાજી. અંબીકા૦

માજી મારૂ નિરમળ ચિત કરજો,
માજી મારૂં દુઃખ દીલનું હરજો. અંબીકા૦
જ્યારે માજી દરશન તુજ થાયે,
ત્યારે મારા દીલ માંહી સુખ થાયે. અંબીકા૦
અંબા ગુણ જગમાં તારાં છે બહુ;
શેવક તારો શરણે હું નિત્ય રહુ. અંબીકા૦
તું છે દેવ દાનવની દાતા,
પ્રીતે કરી આપોને સુખ શાતા. અંબીકા૦
ધરી પ્રેમ નાચ કરે પારે,
માજી તેના મનના અરથ સારે. અંબીકા૦
નવરાત્રીના નવ દિવશ માતા,
પ્રીતે તારાં ગુણ સહુ ગાતાં. અંબીકા૦
ઘેર ઘેર થાય પુજા સારી,
દેવી તુંતો સૌથી ન્યારી. અંબીકા૦
લાગ્યો માજી તારો મને નેહો,
હવે હુંતો નહીં મેલુ કેડો. અંબીકા૦
મોહયું મન આરાસુર ધામ,
જપું હુંતો અંબા તણું નામ. અંબીકા૦
ગાય સ્તુતી આજે નર નારી,
નારણ કેહે છે મળશો માજી મારી. અંબીકા૦

## રાગ ગજલ.

માતુ મારી મેહેર સર્વદા તમે કરો,
સર્વદા તમે કરોને, પાપ માહરાં હરો. માતુ૦
હું છું બાળ તાહરો માં રાખુ તારી આશા;
કર કૃપા તું મારી પરતો હું મટું ઉદાશ. માતુ૦
રૂષીઓને દુઃખ દેતા દૈત્ય તો અપાર;
કરી રક્ષા તેં રૂષીઓની દૈત્યનો સંહાર. માતુ૦
ધણીકના તેં વાહાણ દરિયામાંથી તારીયાં;
પ્રાર્થના કરી કે તારી તેં ઉગારીયાં. માતુ૦
માર્કંડને ઉગાર્યો કરી કૃપા અપાર;
તેવી કૃપા કરને માજી, મમ પરે આ વાર. માતુ૦
હાથ જોડી દાસ તારો વીનવે વારમવાર;
લેહેર પામે મેહેરથી નારણ અતી આ વાર. માતુ૦

## રાગ માઢ.

મારા પંથીરામ પ્રણામરે. એ ચાલ.

હું કરૂં સ્તુતિ આજરે, અંબીકા દેવીરે;
નવ ચાલે પ્રતી માતરે તું દેવી એવીરે;
વર્ણુંવ તારો શું કરૂરે, હું છું મતિ હીણ.
ભાવે ભકતી તારી કરૂ, પાપને કરૂ ક્ષીણરે. અં૦
નારદ શારદ શીવ બ્રહ્માદિ, ધરે તારૂ ધ્યાન;
પ્રબળ તારૂં છે અતીશે, નવ થાયે કાંઇ જયારે. અં૦

વૃષભ ઉપર વાહન કીધું, હાથમાં લઇ ત્રીશુળ;
રાક્ષસોનો નાશ કીધો, ખોદીયું જડામુળથી. અં૦
પર્વતોને પાહાડમાં, વસ્તીનું આપો આપ;
દરશન તારૂં કરતાં માજી, નાસી જાય પાપરે. અં૦
તારી શકતી સૌ પ્રાણીમાં, વ્યાપી છે મમ માત;
શેવક નારણ ધ્યાન તારૂ ધરે, ધરે રાખી ખાંત. અં૦

—●—

## રાગ બનજારો.

(આ દીન જુબીલી જાણી કહો ઘણું જીવો મહારાણી.)
તું સરવ તણી સુખદાઇ, કર મેહેર અંબીકા માઇ; તું૦
તું આરાસુર બીરાજે, શીર છત્ર સોનાનું છાજે;
પગ પાવડીઓ ધરાઇ, કર મેહેર અંબીકા માઇ. તું૦
જડીત્ર મુગટ બહુ ઝળકે, વળી કાને કુંડળ લળકે;
વચ્ચે પાન લીલું લગાઈ, કર મેહેર અંબીકા માઇ. તું૦
તુજ શીરપર કલગી તોરા, તે જોઇ મંન મોહ્યા મેરા;
તું પુર મનોરથ માઈ, કર મેહેર અંબીકા માઇ તું૦
તારી ચોળી અતરમાં બોળી, ચુવા અરગજાથી ખોળી;
કેશરીયાં સાડી ધુરાઇ, કર મેહેર અંબીકા માઇ. તું૦
તમે પેહેરયાં કાંબીને કલ્લાં, તમે આપો પુત્રને પલ્લાં;
મન તુંતો મેરે ભાઈ, કર મેહેર અંબીકા માઇ. તું૦
તેં દિપક જયોત અજવાળી, દુઃખ સર્વ તણા તેં પ્રજાળી;

તેં નિત્ય દિવાળી બનાઈ, કર મેહેર અંબીકા માઇ. તુ૦
તુંજ આંગણ નોબત બાજે; તેનો શબ્દ ગગનમાં ગાજે;
તેં ઘંટા નાદ કરાઇ, કર મેહેર અંબીકા માઇ. તુ૦
દ્યો દરશાનને હું નિરખું, વળી પ્રેમ હૃદયથી હરખું;
તુજ બીન અન્યકો નાહીં, કર મેહેર અંબીકામાઇ. તુ૦
તું રાખ દાસની લાલી, હે અંબીકા મત વાલી;
તુજ વ્હાલ અતિ સુખદાઇ, કર મેહેર અંબીકા માઈ. તુ૦
તુજ નામથી હું નથી અળગો, મને દરશાનનોછે ગળકો;
હું શરણ તાહરે આઈ, કર મેહેર અંબીકા માઇ. તુ૦
તારી ધરમ ધજા પરવારો, મા છે બહુ પ્રભુતા તારી;
હું જીવું જસ તુજ ગાઈ, કર મેહેર અંબીકા માઇ તુ૦
તુજ વાત દીઠી મેં ન્યારી, મુને લાગે બહું બહું પ્યારી;
છું આસરે તારે આઇ, કરુ મેહેર અંબીકા માઇ. તુ૦
તું સદા સત્ય બરદાળી, તુજ ગતી છે ગબબર વાળી;
કહે નારણ તું મુજ માઇ, કર મેહેર અંબીકા માઈ. તુ૦

## રાગ લલિત છંદ.

અંબા માતરે મેહેરતો કરો, ભગતના તમો દુખતો હરો;
સુરીનરો અને દેવતા સહુ, ચરણ પુંજીને સેવતા સહુ;
કરૂં હું કલ્પના માત તાહરી, કર કૃપાળી તું સહાય માહરી;
દરશ દેખીને પામું સુખ હું, બિરદ વાળીરે ટાળ દુઃખ તું;

અંડમુંડનું શીશ છેદિયું, ભુવન ચૌદમાં મંન ભેદિયું;
કેક દઇત તો દાટ વાળીયો, ભગત મારકાં ને તેં તારિયો;
હૃદય ધ્યાન હું તાહરૂં ધરૂં,પ્રસન તું થજે પ્રાર્થના કરૂં;
સકળ પ્રાણીયો પાપીયાં અમે, માફી આપશો માતરે તમે;
સમુદ્ર રૂપીઆ છે સંસારરે, કોણ તુ વીના કાઢે બહારરે;
માત તુજ તણી રાખુ આશારે, નારણ કહે રાખ પાંસરે,

---

## કંગનવા મોરા કરશે શરક ગીયો. એ ચાલ.

અંબીકા માતું મારી મુજ પર મેહેર કરોરે.
અમે છેયે શરણે તારે શેવક ને તુ ઉગારે. અંબીકા૦
મા આરાસુર પધાર્યારે, શેવક જનને ઉગાર્યારે;
બ્રમા વીસ્નુ નીંપાયા, દૈત્યોંને ખુબ લગાયા;
તમે મનમાં મારા ભાવ્યા, આસ્ત્ર તારો ખરેરે. અં૦
શેવક જન સૌ આવેરે દીવો ને પુજા લાવેરે.
ત્યાં ગાન તાન કરેછે મુખે તાથેઇ ઉચરેછે,
વંદન પ્રીતેથી કરેછે મસ્તક હસ્ત ધરોરે. અં૦
અપરાધ ક્ષમા કર મારોરે તમે સેવક જનને તારોરે;
છે મંદ બુધી મા મારી હું કરૂ પ્રાર્થના તારી;
કહેછે નારણ મારી વાત ચીતે ધરોરે. અંબીકા.

## મરબી

સાંભળજો શઉ જન શાણા હેતે શીખામણ શારોજી;
અલખેલી અંબાને ભજતાં જાશે દુખ વીદારી.
ભાવે ભજીએજી.
આરાસુરમાં અંબા બીરાજે સુવાળ બઉચર બાળીજી;
દખણમાં દેવી તુલજા ભવાની ગઢ પાવે માહાકાલી. ભાવે૦
ભગવતીનો મહીમા મોટો જાણોછો શઉ પ્રાણીજી;
ભજવા જેવા અંબે ભવાની તેને તમે કેમ ચુકો. ભાવે૦
અંબામા આરાસુર દેવી ગબર ગોખે ગાજેજી;
જશાંવતશીંહજીને રાજ કરાવે રાખે પોતે પાળી. ભાવે૦
અંબા લાલી મા મત વાળી ભકતને આધારેજી;
કુડી નીસ્ટા જે કોઇ લાવે તેને નાખે બાળી. ભાવે૦
શેવક નારણ હરનીશ ગાએ ગુણ તારા મા મારીજી;
ભાવે જે કોઈ ભકતી કરે તેને લે તું ઉગારી. ભાવે૦

સમાપ્ત

# આરતી

સ્નેહ ધરી આરાધું, અલબેલી અંબામા; (૨) અં૦
તું છે શકતી રૂપે (૨) તું છે જગતંબા.
જયો જયો મા અંબીકા.
ચૌદ ભુવનમાં તુજ, સર્વ સ્થળે વ્યાપી; (૨)
તુજ તણી તો માયા, (૨) કોઈએ નવ માપી. જયો૦
સહું દેવોના દુખ, તે લીધા હરી; (૨)
ઘટ ઘટ વ્યાપક અંબા, (૨) તુ છે એક ખરી. જયો૦
દેવ કરેછે શેવ, હમેશાં તારી; (૨)
સુભાસુભ સુખ દે તું, (૨) હે મા તુ મારી. જયો૦
બ્રહ્મા વિશ્નુ શેષ, તેમાં તુજ શકતી; (૨)
કહેછે નારણ પ્રીતે, (૨) કર. મારો મુકતી. જયો૦

# આગળથી ગાહકોના નામ.

ધોલેરા

૨૦ ઠ૦ વનમાળીદાસ મનોરદાસ.
૧૦ જોસી૦ જેઠા ઘેલાભાઈ
૧ શા૦ ઉજમસી જોઈતા.
૧ આચારજ ગવરીશંકર છગનલાલ
૧ લખમીચંદ દામોદર
૧ ઠ૦ ગોવનજી દલુ
૧ ઠ૦ કાળીદાસ કકલદાસ
૧ ઠ૦ નાનજી જીવરાજ
૧ ઠ૦ હરગોવન દુલભદાસ
૧ ઠ૦ દયાલ લાલજી

૧ ઠ૦ ચુનીલાલ ગાંડા
૧ રા૦ ગાંડા કલા
૧ રા૦ લેહેરા પોપટ
૧ ઠ૦ ગીરધરલાલ મનોરદાસ
૧ ઠ૦ શા૦ લલુ કુબેરદાસ
૧ શા૦ મોતી સુરચંદ
૧ શા૦ જગજીવન ત્રીકમજી
૧ લુવાર ચીકા પાંના
૧ આચારજ મણીલાલ શામળદાસ
૧ ઠ૦ છોટાલાલ પીતાંબરદાસ
૧ ઠ૦ તરભોવન માધવજી

૧ શા૦ મોહન નાનચંદ
૧ શા૦ ખીમચંદ સુરચંદ
૧ સા૦ ત્રીભોવન ઉજમસી
૧ સા૦ સીવલાલ ભુદર
૧ સા૦ અમરતલાલ કુબેર
૧ સા૦ ચુનીલાલ હરીભાઈ
૧ ઠ૦ સામજી મીઠાજી
૧ શુક્લ. અંબાલાલ કલ્યાણજી

સુ૦ દાંતા

૬૬ માહારાજા ધીરાજ શ્રી જશવંતશીંહજી સાહેબ બાહાદુર

જામનગર ૩

૩ બા સાહેબ શ્રી વખતું બા

હળવદ ૧૧

મેહેતા. વાહાલજી રામકૃશ્નની મારફતે

૧ છગનલાલ વાહાલજી બ્યારા-વઢવાણ.
૧ દવે. રઘુંનાથજી મોરારજી
૧ ખત્રી. થોભણ હરજી
૧ હરીશંકર કાહાનજી વીદ્યારથી
૧ વકીલ. ન્યાલચંદ જીવરાજ
૧ જીવણ તીભોવન આચાર્ય.
૧ શીવશંકર ભવાની દવે
૧ પરભું પોપટલાલ વીદ્યારથી.
૧ વોરાજી વા શેખભાઈ
૧ ધનેશર છગલ
૧ ચતુર હિમચંદ

માતર ૧૦

૧૦ દામોદર જેઠાલાલ

બોટાદ.

રા રા. નારણજી દયાલજીની મારફતે બોટાદ ૨૨

૧ રા. રા. માણેકચંદ વસતા
૧ ભવસાર. આણંદજી ઝવેર
૧ રા. જેઠાલાલ કાનજી
૧ રા. ર. શીવલાલ મોતીચંદ શેઠ શરાફો.
૧ નરશી પાનાચંદ
૧ શા. ઉજમશી પોપટદાસ
૧ કોઠારી. ઉજમશી ભગુ
૨ રા. રા. ડાયાલાલ ફુલચંદ ગાંધી.
૧ પારેખ. શીવલાલ રૂપચંદ
૧ મેમણ. દાદન નવું
૧ મેમણ. આરબી રેમાન
૧ મારફતીઆ. મગનલાલ આણંદજી
૧ મેમણ. ગીગા જાનું

ધંટાય.

૧ ઠકર. માહામદ જીવા.

૧ ભવશાર. જેમલ જુઠા.
૧ રા. રા. તંબકલાલ કેશવલાલ દોશી સરૈફો.
૧ રા. રા. છગનલાલ માધવજી જોશી.
૧ રા. રા. હેમતલાલ હરીલાલ
૧ ગાધી. નરોતમ છગન
૧ રા. રા. ભોજાભાઈ હમીર ખાચર
૧ સુતાર. બેચર દેવજી

વઢવાંણ જેકશન ૮

શા. લલુ પાનાચંદની મારફતે

૧ શા. લલુ પાનાચંદ
૨ શા. ઉજમશી ભોળા
૧ વરધમાન કાલું
૧ મારવાડી. રતના તળશી
૧ શા. લાલચંદ સુંદરજી
૨ કામદાર. મોહનલાલ નથુભાઇ સુદામડા

મુ. માંડવી તાબે કચ્છ ૧૬

મંતદેવી દાશજી શીસ્ય પરશોતમદાસની મારફતે.

૫ શાધું પરશોતમદાસ દેવીદાસજી માંડવી ખુ કસેલર
૧ જોશી માવજી લવશી
૧ જોશી ચાંપશી કચરા
૧ જોશી ગોવંદજી દીઆળ
૧ શાચોરા પ્રમાનંદ રૂપરામ
૧ શાચોરા વ્યાશ માધવજી નીરભેરામ
૧ જોશી ધરમશી લાલજીમસકાના
૨ ઠકર હરીદાસ વીદઆળ
૧ ઠા૦ મંગળજી મોતી
૧ જોશી લવજી રાએશી
૧ ઠા૦ ડુંગરશી હરીક્રશન ગીરનારા

બોટાદ ૬

રા. નાગર મુળજીની મારફતે

૧ પાટડીઆ. ફુલા માવજી
૧ બગડીઆ. ભવાન તલકશી
૧ બગડીઆ. જગજીવન લવજી
૧ શેઠ. નાગરલાલ પાનાચંદ
૧ છોટમલાલ છગનલાલ
૧ વ્યાશ. ભાઇલાલ જાદવ
૧ ઠકર. મગનલાલ ગોવનજી દેણુ
૧ માશુખરામ કાશીરામ
૧ પાઠક. ઝવેર ઇશવર બોલાદ.